**ફોજદારી પરચુરણ અરજ નં.૧૧૭/૨૦૧૮ ના કામે આંક–૧ લગત હુકમ**

..........................................................................................

(૧) ફરીયાદી–રામભાઇ વાલાભાઇ ડવ નાઓએ તા.૧૭/૦૫/૨૦૧૫ ના રોજ ભક્તિનગર પોલીસ સ્ટેશન, રાજકોટ શહેરમાં ગુ.ર.નં. ફર્સ્ટ ૯૬/૨૦૧૫ થી નોધાવેલ પ્રથમ બાતમી ગેરસમજ/હકીકતની ભુલના કારણે આપેલ હોવાનુ કારણ જણાવી તપાસ કરનાર અમલદારે હાલનો સમરી/ક્લોઝર રિપોર્ટ રજુ કરેલ છે.

(૨) તપાસ કરનાર અમલદારે તપાસ દરમ્યાન નોંધેલ નિવેદનો જોતાં, ફરીયાદીએ હકીકતની ભુલના કારણે ઉપરોક્ત બાતમી આપેલ હોવાનુ જણાય છે. આ ક્લોઝર/સમરી અહેવાલ રજુ થતાં, ફરીયાદીને મુદત તા.૦૪/૦૯/૨૦૨૧ ના રોજની નોટીસ કરવામાં આવેલ. ફરીયાદીએ અદાલત સમક્ષ હાજર થઇ, આ પ્રકરણ બંધ કરવામાં આવે તો તેમને અને ભોગ બનનારને કોઇ વાંધો નથી તેવુ નિવેદન આપેલ છે.

(૩) ઉપરોક્ત સંજોગોમાં, હાલના આખરી અહેવાલનો અસ્વિકાર કરવા માટેનુ કોઇ કારણ જણાતુ ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–હુ ક મ–**

- ભક્તિનગર પોલીસ સ્ટેશન, રાજકોટ શહેરમાં ગુ.ર.નં. ફર્સ્ટ ૯૬/૨૦૧૫ થી નોધાયેલ પ્રથમ બાતમીના કામે આખરી અહેવાલ નં.૧૮/૨૦૧૫ થી રજુ થયેલ સમરી રિપોર્ટ આથી મંજુર કરવામાં આવે છે.

  હુકમ આજરોજ તા.૧૧ મી, માહે–સપ્ટેમ્બર, સને ૨૦૨૧ ના દિને ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(વનરાજ ચૌધરી)

૯મા એડી.ચીફ જયુડી.મેજી, રાજકોટ

UIC-GJ00815